સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# પવિત્ર રક્ષાબંધનનું આધ્યાત્મિક રહસ્ય

**જ્ઞાનામૃત**

બ્રહ્માકુમાર અનિલ

ભારત જેવા ધર્મપ્રધાન દેશમાં સમય પ્રતિસમય આવતાં તહેવારો રોજિંદા જીવનવ્યવહારમાં વ્યસ્ત માનવીને વિશેષ ઉત્સાહ, આનંદ તેમ જ ધર્મપરાયણતાની પ્રેરણા બક્ષે છે. ભારતવર્ષમાં ઉજવાતાં અનેક તહેવારોમાં રક્ષાબંધન જ એક વિશેષ તહેવાર છે કે જે પવિત્ર સંબંધની યાદમાં ઉજવવામાં આવે છે. ખરેખર આ તહેવાર સાચો સ્નેહ, સાત્ત્વિક સંબંધ અને પવિત્રતાના પ્રતીકનો અનોખો તહેવાર છે.

આ તહેવારના વિષયમાં એક શાસ્ત્રકથા છે કે યમે પોતાની બહેન યમુના પાસે રાખડી બંધાવતા એમ કહ્યું હતું કે જે પવિત્રતાનું બંધન બાંધશે તે યમદૂતોના ભયથી મુક્ત બનશે. એક બીજી શાસ્ત્રકથા અનુસાર જ્યારે દેવરાજ ઈન્દ્ર પોતાનું દૈવી સ્વરાજ્ય હારી ગયા ત્યારે તેમણે ઈન્દ્રાણી દ્વારા એ પવિત્રતાની રાખડી બંધાવી હતી. જેના દ્વારા ઈન્દ્રે ખોવાયેલું સ્વરાજ્ય ફરી મેળવ્યું. આમ કહી શકાય કે આ તહેવારનો સંબંધ જીવનમાં શ્રેષ્ઠતા તથા નિર્વિકારિતા સાથે છે. તેથી જ તેને વિષતોડક પર્વ પણ કહેવામાં આવે છે.

ઐતિહાસિક દ્રષ્ટિથી જોતાં પણ રાખડીનો પ્રચલિત રિવાજ પરંપરાગત લાગતો નથી. એ માનવું ક્યાં સુધી ઉચિત છે કે નારી આદિકાળથી જ અબળા હતી? યાદ કરો એ અંબા, દુર્ગા, કાળી ઈત્યાદી શક્તિઓને કે જેમની પાસેથી ભક્ત આજ સુધી સુરક્ષાની ઈચ્છા રાખે છે. એમને કોના રક્ષણની જરૂર હતી? સૃષ્ટિના આદિ અર્થાત્ સતયુગમાં ધનસંપત્તિનો કોઈ અભાવ ન હતો. નર અને નારી બંનેના અધિકાર સમાન હતા. એ સમાનતા સ્મરણ સ્વરૂપે આજે પણ એ મૂર્તિઓ તથા ચિત્રો સાથે જોવા મળે છે. જેમાં સતયુગી વિશ્વમહારાજન શ્રી નારાયણ અને વિશ્વ મહારાણી શ્રી લક્ષ્મીને સિંહાસન પર સાથે જ વિરાજમાન બતાવે છે. 'યથા રાજારાણી તથા પ્રજા'ની ઉક્તિ અનુસાર એ કાળની બધી જ નારીઓ સન્માનિત તથા સુરક્ષિત હતી. થોડા સમય પૂર્વે જ પુરોહિતો તથા બ્રાહ્મણો દ્વારા પોતાના યજમાનોને રાખડી બાંધીને તિલક કરવાની પ્રથા પણ પ્રચલિત હતી. ઈતિહાસમાં પણ હિન્દુ સ્ત્રીઓ દ્વારા ભાઈ બનાવીને મુસલમાન ભાઈઓને રાખડી મોકલવાનાં ઉદાહરણો મળે છે. કુંતાએ પણ યુદ્ધની પ્રેરણા આપી તેના રક્ષણ માટે અભિમન્યુને રાખડી બાંધી હતી. આમ આ વૃત્તાંતથી સ્વયમ્ સ્પષ્ટ છે કે આ પર્વ માત્ર ભાઈ-બહેનના પવિત્ર પ્રેમનો જ તહેવાર નથી પરંતુ ઘણો જ શ્રેષ્ઠ આધ્યાત્મિક તહેવાર છે.



આમ, પરંપરાગત મંતવ્ય અનુસાર આ તહેવાર ભાઈઓ દ્વારા બહેનોની રક્ષાનું પ્રતીક માનવામાં આવે છે પરંતુ ઉપરોક્ત વિવરણથી એ સત્યતા સામે આવે છે કે વાસ્તવમાં આ પર્વ બહેનો દ્વારા પોતાના ભાઈઓની પવિત્રતા માટે આ પ્રતિજ્ઞા કરાવવાનું પ્રતીક છે કે તેઓ પોતાની સગી બહેન માનીશું ત્યારે એ બહેનોની લાજ સુરક્ષિત રહેશે. એ તો સર્વમાન્ય છે કે સૃષ્ટિના સર્વ મનુષ્ય આત્માઓના એક માત્ર સર્વશક્તિમાન, કલ્યાણકારી, પતિતપાવન, પારલૌકિક પરમપિતા પરમાત્મા શિવ જ સૌની રક્ષા કરનારા છે. માટે જ ઈશ્વરનો દુ:ખભંજન, તારણહાર ખિવૈયા તથા રક્ષણહાર તરીકે મહિમા કરવામાં આવે છે. મનુષ્યો પરમાત્મા પાસેથી પ્રાણદાન તથા તન, મન, ધનના રક્ષણનું વરદાન માંગે છે. સૃષ્ટિ ચક્રમાં કળિયુગના અંતમાં એક એવો સમય પણ આવે છે કે સમગ્ર માનવ સમાજનું નૈતિક તથા ચારિત્રિક અધ:પતન થાય છે. મા, બહેનોની લાજ ભયમાં આવી જાય છે. આવા ધર્મગ્લાનિના સમયમાં પરમપિતા પરમાત્મા નવી પાવન સતયુગી દૈવી સૃષ્ટિની સ્થાપનાનું કાર્ય દિવ્ય પર કાયા પ્રવેશ કરીને પ્રજાપિતા બ્રહ્મા દ્વારા કરાવે છે. કહેવત પણ છે કે બ્રાહ્મણ બ્રહ્માજીના મુખ દ્વારા ઉત્પન્ન થયા.

એનું આધ્યાત્મિક રહસ્ય એ છે કે જ્ઞાનસાગર પરમાત્મા શિવે બ્રહ્માના મુખથી જ્ઞાન સંભળાવીને જે મનુષ્ય આત્માઓને પતિતમાંથી પાવન બનાવ્યાં તેઓ જ સાચા બ્રહ્મામુખવંશાવલી બ્રાહ્મણ કહેવાયા. આ બ્રહ્માવત્સોમાં મુખ્યત: આધ્યાત્મિક બહેનોને બધા પુરુષોને પવિત્રતાની રાખડી બાંધીને કુદ્રષ્ટિથી પોતાની રક્ષા કરવા માટે સર્વ રક્ષક પરમાત્મા શિવ પિતાના સંરક્ષણમાં રહેવાની પ્રતિજ્ઞા કરાવી હતી. આમ, રક્ષાબંધનનો તહેવાર એ આ મહત્ત્વપૂર્ણ વૃત્તાંતનો સ્મરણ દિવસ છે. એની યાદમાં જ દર વર્ષે બ્રાહ્મણો દ્વારા અથવા બહેનો દ્વારા ભાઈઓને રક્ષા બાંધી તિલક કરવાની રસમ છે. તિલક એ આત્મસ્મૃતિનું પ્રતીક છે. જેમાં સ્થિત રહેવાથી મનુષ્ય કામ વિકાર રૂપી મહાશત્રુ પર વિજય પ્રાપ્ત કરી શકાય છે.

અંતે આ રક્ષાબંધનના પાવન પર્વનું સ્વયં પરમાત્માએ બતાવેલા આ આધ્યાત્મિક રહસ્યને જાણી, ચાલો આપણે સૌ પણ એ પવિત્રતાના મહાન બંધનમાં સ્વયંને બાંધીને આ દુર્લભ એવા આ જન્મને શ્રેષ્ઠ બનાવીએ અને વિશ્વ પરિવર્તનમાં પરમાત્મા શિવ પિતાના દિવ્ય કર્તવ્યમાં સહયોગી બનીએ અને આ જન્મમાં અને ભવિષ્યના અનેક જન્મોમાં અવિનાશી સુખશાંતિ સંપન્ન જીવનને પ્રાપ્ત કરીએ. એ પ્રભુપિતાનો દિવ્ય સંદેશ પણ યાદ રહે. અર્થાત્ 'પવિત્ર બનો, યોગી બનો.' આવી આધ્યાત્મિક સમજ સાથે સાચા અર્થમાં રક્ષાબંધન પર્વ ઉજવીએ.

> કહેવત પણ છે કે બ્રાહ્મણ બ્રહ્માજીના મુખ દ્વારા ઉત્પન્ન થયા. એનું આધ્યાત્મિક રહસ્ય એ છે કે જ્ઞાનસાગર પરમાત્મા શિવે બ્રહ્માના મુખથી જ્ઞાન સંભળાવીને જે મનુષ્ય આત્માઓને પતિતમાંથી પાવન બનાવ્યાં તેઓ જ સાચા બ્રહ્મામુખવંશાવલી બ્રાહ્મણ કહેવાયા

# માનવદેહની શક્તિ

**જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા**

સાધુ જ્ઞાનાનંદદાસ

માનવદેહમાં સર્વ સિદ્ધિઓને સર કરવાની શક્તિ રહેલી છે. તેનામાં બુદ્ધિ દ્વારા વિચાર કરીને પરિસ્થિતિ અનુસાર યોગ્ય નિર્ણય લેવાની શક્તિ છે. માનવદેહનાં એક-એક જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય જે આપણી પાસે છે, તેનું મહત્ત્વ સમજવા આવા લોકોની સમક્ષ દૃષ્ટિ કરવી જોઈએ કે જેઓ જન્મજાત દિવ્યાંગ હોય અથવા અકસ્માતથી દિવ્યાંગ થયા હોય.

આપણા દેહમાં રહેલી ઘણી બધી શક્તિઓને આપણે જુદી-જુદી રીતે ઓળખવી જોઈએ કારણ કે માનવ જ્યાં સુધી પોતાના જ સ્વરૂપને ન જાણે ત્યાં સુધી તે અન્ય કોઈ વ્યક્તિને પણ જાણવા અસમર્થ રહે છે. માનવ પાસે અતુલનીય શક્તિ છે. માત્ર શારીરિક શક્તિની વાત કરીએ તો પણ તે અતુલ્ય છે. તેને યોગ્ય ક્ષેત્રમાં વાળે તો સામાન્ય માનવ પણ રોનાલ્ડો અને કોહલી બની શકે માટે પસંદગી આપણી છે કે આપણને મળેલી શક્તિનો ઉપયોગ ક્યાં કરવો?

મનુષ્ય દેહની શક્તિનો સારી રીતે ઉપયોગ થયાનાં ઘણાં ઉદાહરણોની વાતો આપણે ઘણી સાંભળી હશે. અલબત્ત, તે રમત-ગમતમાં શારીરિક શક્તિ હોય કે વ્યાપાર-ધંધામાં નિર્ણયો લેવામાં વપરાતી માનસિક શક્તિ. અબુધ બાળકને સમજાવવા વપરાતી વાર્તાના સર્જન રૂપી શક્તિ હોય કે કોઈ વિષય રજૂ કરવા માટે બનાવાતા પ્રોજેક્ટ સર્જનની શક્તિ. રમતવીર તેની શારીરિક શક્તિ વાપરે છે અને ગાયક પોતાની સ્વરશક્તિ. આપણે પણ પોતાની શક્તિનો ઉપયોગ યથાર્થ કરવો. ભલે દુનિયા આપણી નોંધ લે કે ન લે. અગત્યનું એ છે કે આપણે આપણી શક્તિનો ઉપયોગ કરીએ છીએ કે નહીં? આપણે જ્યારે આપણી શક્તિનો યથાર્થ ઉપયોગ કરીએ તો આ દુનિયાને આપણી નોંધ લેવી જ પડે છે, તે નિર્વિવાદ છે.

ઘણી વાર આપણે કોઈ માર્ગે પોતાની શક્તિ વાપરતા હોઈએ અને જોઈએ તેવી સફળતા ન મળતી હોય તો પણ નિરાશ ન થવું.

સ્વામીનારાયણ ભગવાન આધ્યાત્મિક માર્ગે ચાલતાં સાધકને હિમ્મત અને બળની વાત કરતાં કહે છે, "નિત્ય નવી શ્રદ્ધા રાખે અને મૂર્તિ ધારતાં જ્યારે ભૂંડા ઘાટ-સંકલ્પ થાય અને તે હઠાવ્યા હઠે નહીં, તો ભગવાનનો મોટો મહિમા સમજીને પોતાને પૂર્ણકામ માનીને તે સંકલ્પને ખોટા કરતો રહે અને ભગવાનના સ્વરૂપને હૈયામાં ધારતો રહે. તે ધારતાં ધારતાં દસ વર્ષ થાય અથવા વીસ વર્ષ થાય અથવા પચીસ વર્ષ થાય અથવા સો વર્ષ થાય તો પણ કાયર થઈને ભગવાનના સ્વરૂપને ધારવું તે મૂકી દે નહીં."

કોઈ પણ ક્ષેત્ર હોય પછી તે આધ્યાત્મિક હોય કે લૌકિક! માણસે પોતાની શક્તિનો યોગ્ય ઉપયોગ કરવો જ જોઈએ. ભગવાને તો આપણને બધું આપી દીધું જ છે.

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણના 33માં ભગવાન શ્રી સ્વામીનારાયણ કહે છે, "મનુષ્ય દેહે કરીને ન થાય એવું શું છે? જે નિત્યે અભ્યાસ રાખીને કરીએ તે થાય છે."



આપણને મળેલા આ પંચભૂતના દેહ દ્વારા કોઈ કાર્ય એવું નથી જે ન થાય. હા, તે માટે પૂરતો અભ્યાસ અને પુનરાવર્તન અનિવાર્ય છે. નિત્ય પુનરાવર્તન દ્વારા સિદ્ધિને સિદ્ધ કરી શકાય. આ વાતમાં લેશમાત્ર સંશય નથી કારણ કે મહાપાષાણ પર પણ જો નિયમિત સમયે નિયમિત પ્રમાણમાં પાણી પડતું જ રહે તો તે પાણી પોતાના સાતત્યથી તે પથ્થરમાં પણ તિરાડ પાડી દે છે. જો મનુષ્ય તેની શક્તિને કઈ રીતે, કઈ જગ્યાએ અને ક્યારે વાપરવી એ સમજી જાય તો તે પણ મહાપાષાણને તેના સાતત્યથી તોડી શકે છે.

> જો મનુષ્ય તેની શક્તિને કઈ રીતે, કઈ જગ્યાએ અને ક્યારે વાપરવી એ સમજી જાય તો તે પણ મહાપાષાણને તેના સાતત્યથી તોડી શકે છે

માનવદેહ અને તેની શક્તિનો યોગ્ય ઉપયોગ જેમણે કર્યો છે, તેવા મહાપુરુષ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ વિષે જો વાત કરીએ તો આ દંતકથાનો અનુભવ કરાવે તેમાં કોઈ શંકા નથી. એવી અદ્ભુત આ વાતો છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પોતાના 95 વર્ષના દીર્ઘ જીવનકાળમાં 7,50,000 થી વધુ પત્રો જાતે લખ્યા, 1,50,000 થી વધુ ઘરોમાં પધરામણી કરી, 17,000 થી વધુ ગામડાંઓમાં વિચર્યા, રોજ હજારો લોકો સાથે મુલાકાત, 1200 મંદિરો 1100 સંતો અને વિશાળ સમર્પિત ભક્તસમુદાય ઊભો કર્યો. જીવનમાં પોતાના દેહ પાસેથી આવું અજોડ કાર્ય કરાવવું તો સામાન્ય માનવી માટે અશક્ય છે.

પરોપકાર માટે અસીમિત શક્તિ વાપરનાર વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજ જેવા તથા અન્ય ક્ષેત્રમાં સિદ્ધિનાં શિખરો સુધી પહોંચેલાં અનેક ઉદાહરણો આપણી આસપાસ જ પ્રત્યક્ષ છે. આવા મહાપુરુષોના જીવનમાંથી પ્રેરણા પ્રાપ્ત કરીને આપણે પણ આપણી શક્તિને અસીમિત બનાવીએ. તો આવો આપણી શક્તિને અમુક મર્યાદામાં બાંધીને સીમિત કરીને પીંજરાના પક્ષી બનવું છે કે પછી અસીમિત રાખીને મુક્ત આકાશમાં ઊડવું છે? તે પસંદગી વાચકને જ સોંપીએ.